1) ગુજરાત નશાબંધી ધારો, 1949 હેઠળ નીચેનામાંથી કઈ કલમ હેઠળ રાજ્ય સરકાર હોટલના મેનેજરને વિદેશી દારૂ વેચવાનો પરવાનો આપી શકે?

(A) કલમ 35
(B) કલમ 37
(C) કલમ 36
(D) કલમ 38

2) ગુજરાત નશાબંધી ધારા, 1949 ના નિમ્નમાંથી કઈ કલમ દારૂના ઉત્પાદન, આયાત, નિકાસ, પરિવહન, કબ્જો, વેચાણ અથવા ખરીદી પર પ્રતિબંધ મૂકે છે ?

(A) કલમ 11
(B) કલમ 13
(C) કલમ 12
(D) કલમ 14

3) ગુજરાત નશાબંધી ધારા, 1949 હેઠળ, કલેક્ટર અથવા ડાયરેક્ટર સિવાય, કોઈપણ નશાબંધી અધિકારીએ પસાર કરેલા તમામ આદેશ, ની સામે કરેલા હુકમની તારીખ થી ______ સમયમાં કલેક્ટરને અપીલ કરી શકાશે.

(A) ત્રીસ દિવસ
(B) નેવું દિવસ
(C) સાઈઠ દિવસ
(D) એકસો ને વીશ દિવસ

4) ગુજરાત નશાબંધી ધારા,1949 ની કઈ કલમ હેઠળ આ ધારા હેઠળ જેમને પણ સત્તા આપવામાં આવેલ છે તેવા અધિકારીઓને ભારતીય દંડ સંહિતાના કલમ 21 ના અર્થમાં જાહેર સેવક ગણવાની જોગવાઈ છે?

(A) કલમ 142
(B) કલમ 144
(C) કલમ 143
(D) કલમ 145

5) ગુજરાત નશાબંધી ધારા, 1949 નું પ્રકરણ III શાને સંબંધિત છે?

(A) પ્રતિબંધો
(B) આબકારી જકાત
(C) નિયંત્રણ, નિયમન અને છૂટ
(D) અધિકારીઓની સત્તાઓ અને ફરજો તથા કાર્યવાહી

6) ગુજરાત નશાબંધી ધારા, 1949 ની કઈ કલમ હેઠળ આરોગ્યના કારણોસર પરવાનો આપવાની જોગવાઈ છે?

(A) કલમ 39
(B) કલમ 40A
(C) કલમ 40
(D) કલમ 40B



Downloaded from websankul.com

7) ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 હેઠળ નિમ્નમાંથી કોણ જાહેર સેવક નથી?

(A) ન્યાયાધીશ

(B) સ્થાનિક સત્તામંડળની સેવામાં અથવા પગાર પર કોઈપણ વ્યક્તિ.

(C) કોઈપણ વ્યક્તિ કે જે કોઈ હોદ્દો ધરાવે છે અને જાહેર સેવા કરવા માટે અધિકૃત છે.

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં.

8) ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 હેઠળ વિશેષ ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે વ્યક્તિ ઓછામાં ઓછા કયા હોદ્દા પર કામ કરેલુ હોવું જોઈએ?

(A) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

(B) સેશન્સ જજ

(C) ચીફ જ્યુડીશિયલ

(D) હાઈ કોર્ટ જજ

9) ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 આધીન જાહેર સેવકને ભ્રષ્ટ અથવા ગેરકાયદેસર રીતે અથવા વ્યક્તિગત પ્રભાવનો ઉપયોગ કરીને અનુચિત લાભ લેવા માટે પ્રભાવિત કરનારને અધિક્તમ સજા :

(A) ત્રણ વર્ષ અને દંડ માટે પણ જવાબદાર રહેશે.

(B) સાત વર્ષ અને દંડ માટે પણ જવાબદાર રહેશે.

(C) પાંચ વર્ષ અને દંડ માટે પણ જવાબદાર રહેશે.

(D) સાત વર્ષ

10) ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 હેઠળ જોગવાઈઓને અમલમાં મૂકવા માટે નિયમ બનાવવાની સત્તા કોની પાસે છે?

(A) રાજ્ય સરકાર

(B) કેન્દ્ર સરકાર

(C) રાજ્ય અને કેન્દ્ર સરકાર

(D) આમાંથી એક પણ નહિ.

11) ભ્રષ્ટાચાર નિવારણ ધારા, 1988 ની નિમ્નમાંથી કઈ કલમમાં પ્રોસીક્યુશન માટે પૂર્વ મંજૂરીની જોગવાઈ છે?

(A) કલમ 17

(B) કલમ 19

(C) કલમ 18

(D) કલમ 20

12) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારા, 1989 માં નિમ્નમાંથી કઈ કલમો અત્યાચારના ગુના માટે સજાની જોગવાઈ કરે છે ?

(A) કલમ 3

(B) કલમ 5

(C) કલમ 4

(D) કલમ 6



Downloaded from websankul.com

13) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો, 1989 હેઠળ જાહેર સેવક દ્વારા ફરજની અવગણના માટે કેટલી મહત્તમ સજાની જોગવાઈ છે?

(A) 6 મહિના
(B) એક વર્ષ
(C) 9 મહિના
(D) બે વર્ષ

14) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો, 1989 હેઠળ ઝડપી ટ્રાયલ પૂરી પાડવાનાં હેતુથી, રાજ્ય સરકાર, ______ ની સંમતિ સાથે, એક થી વધુ જીલ્લા માટે વિશિષ્ટ વિશેષ અદાલતની સ્થાપના કરી શકે છે.

(A) રાજ્યના મુખ્ય મંત્રી
(B) રાજ્યના રાજ્યપાલ
(C) હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં.

15) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારા, 1989 ની કલમ 14A હેઠળ કેટલા દિવસની અંદર અપીલ કરવાની જોગવાઈ છે?

(A) ત્રીસ દિવસ
(B) નેવું દિવસ
(C) સાઈઠ દિવસ
(D) એકસો વીસ દિવસ

16) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો, 1989 ની નિમ્નમાંથી કઈ કલમમાં ભોગ બનનાર અને સાક્ષીના હક્કની જોગવાઈ છે ?

(A) કલમ 14A
(B) કલમ 15
(C) કલમ 15A
(D) ઉપરોક્તમાંથી કોઈનહીં

17) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો, 1989 ની કઈ કલમમાં સામૂહિક દંડ લાદવાની જોગવાઈ છે?

(A) કલમ 10
(B) કલમ 14
(C) કલમ 12
(D) કલમ 16

18) મોટર વાહન ધારો, 1988 ના નિમ્નમાંથી ક્યા પ્રકરણમાં મોટર વાહનની નોંધણીની જોગવાઈ છે ?

(A) પ્રકરણ II
(B) પ્રકરણ IV
(C) પ્રકરણ III
(D) પ્રકરણ V


Downloaded from websankul.com

19) મોટર વાહન ધારો, 1988 ની કલમ 129 હેઠળ કઈ ઉંમરની વ્યક્તિ માટે હેલ્મેટ પહેરવુ ફરજિયાત છે?

(A) ચાર વર્ષથી ઉપર (B) આઠ વર્ષથી ઉપર

(C) સાત વર્ષથી ઉપર (D) દસ વર્ષથી ઉપર

20) મોટર વાહન ધારો, 1988 ની નિમ્નમાંથી કઈ કલમ મોટર વાહન એક્સિડન્ટ ફંડની રચના માટે કેન્દ્ર સરકારને અધિકૃત કરે છે ?

(A) કલમ 124 (B) કલમ 164-A

(C) કલમ 137 (D) કલમ 164-B

21) મોટર વાહન ધારો, 1988 હેઠળ, વાદ ગ્રસ્ત રકમ ______ થી ઓછી હોય તો ક્લેઈમ ટ્રિબ્યુનલના ચૂકાદા સામે અપીલ થઈ શકશે નહિ.

(A) દશ હજાર રૂપિયા (B) પંચોત્તેર હજાર રૂપિયા

(C) પચાસ હજાર રૂપિયા (D) એક લાખ રૂપિયા

22) મોટર વાહન ધારા, 1988 ની કઈ કલમ હેઠળ ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવે છે?

(A) કલમ 7 (B) કલમ 9

(C) કલમ 8 (D) કલમ 10

23) મોટર વાહન ધારા, 1988 મુજબ ______ થી નાની ઉંમરના વ્યક્તિ જાહેર સ્થળે ટ્રાન્સપોર્ટ વાહન ચલાવી શકે નહીં.

(A) અઢાર વર્ષ (B) એકવીસ વર્ષ

(C) વીસ વર્ષ (D) બાવીસ વર્ષ

24) ભારતીય બંધારણ ______ દિવસે અપનાવવામાં આવેલો.

(A) 26મી જાન્યુઆરી 1950 (B) 15મી ઓગષ્ટ 1947

(C) 26મી નવેમ્બર 1949 (D) 15મી નવેમ્બર 1947



Downloaded from websankul.com

25) ભારતીય બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીનાં ચેરમેન કોણ હતા ?

(A) ડૉ બી.આર. અમ્બેડકર
(B) જવાહરલાલ નહેરૂ
(C) ડૉ રાજેન્દ્ર પ્રસાદ
(D) અલ્લાડી કૃષ્ણસ્વામી ઐય્યર

26) ભારતીય બંધારણમાં નિમ્નમાંથી કયો મૂળભૂત અધિકાર નથી ?

(A) સ્વતંત્રતાનો અધિકાર
(B) સંપત્તિનો અધિકાર
(C) સમાનતાનો અધિકાર
(D) શોષણ વિરૂદ્ધ અધિકાર

27) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમમાં ટૂંકું શિર્ષક અને હદનો સમાવેશ કરવામાં આવેલ છે?

(A) કલમ 1
(B) કલમ 3
(C) કલમ 2
(D) કલમ 4

28) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 કયા દિવસે અમલમાં આવ્યો?

(A) 1લી એપ્રિલ 1973
(B) 1લી ડિસેમ્બર 1973
(C) 1લી જુલાઈ 1973
(D) 1લી એપ્રિલ 1974

29) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 અનુસાર કોગ્નીઝેબલ ગુનો શું છે ?

(A) તે ગુનો જેમા વૉરન્ટ વગર પોલીસ અધિકારી ધરપકડ કરી શકે છે.
(B) તે ગુનો જેમા વૉરન્ટ વગર પોલીસ અધિકારી ધરપકડ કરી શકતો નથી.
(C) (A) અને (B) બંને.
(D) ઉપરમાંથી કોઈ નહીં.

30) ભારતીય ફોજદારી અધિનિયમ-1973 ની કલમ 299 શાને સંબંધિત છે ?

(A) ચોરી
(B) દોષિત હત્યા
(C) હત્યા
(D) બેદરકારીથી મૃત્યુ નિપજાવવુ



15200032 WEBSANKUL
Downloaded from websankul.com

31) ભારતીય ફોજદારી અધિનિયમ ની કઈ કલમ લૂંટના ગૂનાની વ્યાખ્યા કરે છે?

(A) 378 (B) 405

(C) 390 (D) 410

32) ભારતીય પુરાવા અધિનિયમનો કયો ભાગ હકીકતોની પ્રસ્તુતતા સંબંધિત છે ?

(A) ભાગ I (B) ભાગ III

(C) ભાગ II (D) ભાગ IV

33) ભારતીય પુરાવા અધિનિયમનો પ્રકરણ સાત શાને સંબંધિત છે?

(A) મૌખિક પુરાવા

(B) સાબિતીનો બોજો

(C) દસ્તાવેજી પુરાવા

(D) તથ્યો જેને સાબિત કરવાની જરૂર નથી

34) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ની કઈ કલમ સમગ્ર રાજ્યને આ કાયદાનુ કાર્યક્ષેત્ર જાહેર કરે છે?

(A) કલમ 1 (B) કલમ 3

(C) કલમ 2 (D) કલમ 4

35) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 માં કેટલી અનુસૂચિઓ છે ?

(A) 4 (B) 6

(C) 5 (D) 7

36) કયા વર્ષમાં, બોમ્બે નશાબંધી અધિનિયમ, 1949 નું નામ બદલીને ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 કરવામાં આવ્યું ?

(A) 1962 (B) 2011

(C) 1980 (D) 2020



Downloaded from websankul.com

37) ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમમાં કયા વર્ષમાં સુધારો કરવામાં આવ્યો ?

(A) 2000 (B) 2010

(C) 2007 (D) 2018

38) ભ્રષ્ટ્રાચાર નિવારણ અધિનિયમ ની કલમ 2 શાને સંબંધિત છે?

(A) વ્યાખ્યાઓ

(B) વિશેષ ન્યાયાધીશ દ્વારા ચલાવવા પાત્ર કેસો

(C) વિશેષ ન્યાયાધીશ ની નિમણૂંકની સત્તા

(D) દેશી દારૂના કબજા માટે શિક્ષા

39) મોટર વાહન અધિનિયમ કોણે પસાર કર્યો?

(A) ભારતીય સંસદ

(B) રાજ્ય વિધાનસભા

(C) ભારતીય સંસદ અને રાજ્ય વિધાનસભા

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

40) કયા વર્ષમાં મોટર વાહન અધિનિયમ અમલમાં આવ્યો હતો ?

(A) 1988 (B) 1990

(C) 1989 (D) 1992

41) ભારતના બંધારણનું આમુખ કહે છે, "અમે ભારતના લોકો ભારતને _____ તરીકે સંસ્થાપિત કરવાનો સંકલ્પ કરીએ છીએ".

(A) સાર્વભૌમ ધર્મનિરપેક્ષ લોકશાહી સંસદીય પ્રજાસત્તાક

(B) સાર્વભૌમ સમાજવાદી લોકશાહી પ્રજાસત્તાક

(C) સાર્વભૌમ સમાજવાદી ધર્મનિરપેક્ષ લોકશાહી પ્રજાસત્તાક

(D) સાર્વભૌમ સમાજવાદી ધર્મનિરપેક્ષ ફેડરલ લોકશાહી પ્રજાસત્તાક



Downloaded from websankul.com

42) ભારતીય સંવિધાનના અનુચ્છેદ 21A માં કઈ ઉંમરના બધા બાળકો માટે મફત અને અનિવાર્ય શિક્ષણની જોગવાઈ છે?

(A) પાંચ થી સોળ વર્ષ
(B) છ થી અઢાર વર્ષ
(C) છ થી ચૌદ વર્ષ
(D) છ થી એકવીશ વર્ષ

43) ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદમાં કાયદા સમક્ષ સમાનતા અને કાયદાની સમાન સુરક્ષાની જોગવાઈ છે?

(A) અનુચ્છેદ 13
(B) અનુચ્છેદ 15
(C) અનુચ્છેદ 14
(D) અનુચ્છેદ 16

44) ભારતીય બંધારણમાં નિમ્નમાંથી ક્યા બંધારણીય સુધારાથી મૂળભૂત ફરજો દાખલ કરવામાં આવી છે ?

(A) બંધારણ (ચોવીશમો) સુધારા અધિનિયમ, 1971
(B) બંધારણ (ચુવ્વાલીશમો) સુધારા અધિનિયમ, 1978
(C) બંધારણ (બેત્તાલીસમો) સુધારા અધિનિયમ, 1976
(D) બંધારણ (બાવનમો) સુધારા અધિનિયમ, 1985

45) ભારતીય સંસદમાં નીચે પૈકી શાનો સમાવેશ થાય છે?

(A) રાષ્ટ્રપતિ, ઉપ-રાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભા
(B) રાજ્યસભા, લોકસભા અને રાજ્યોની વિધાન સભા
(C) રાજ્યસભા અને લોકસભા
(D) રાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભા

46) નિમ્નમાંથી કયાં જોડકાં સાચાં છે?

I. બીજી અનુસૂચિ - શપથ અથવા પ્રતિજ્ઞાના નમૂના
II. ત્રીજી અનુસૂચિ - રાષ્ટ્રપતિ અને રાજ્યોના રાજ્યપાલોની જોગવાઈઓ
III. ચોથી અનુસૂચિ - રાજ્યસભાની બેઠકોની ફાળવણી
IV. સાતમી અનુસૂચિ - સંઘ, રાજ્ય અને સમવર્તી યાદીઓ

(A) II અને IV
(B) III અને IV
(C) II અને III
(D) I અને IV



Downloaded from websankul.com

47) રાજ્યસભા દ્વારા નાણાં વિધેયકને કેટલા દિવસ સુધીમાં લોકસભાને પરત મોકલવાની બંધારણમાં જોગવાઈ છે?

(A) ચૌદ દિવસ
(B) એક મહિનો
(C) અઠ્ઠાવીશ દિવસ
(D) બે મહિના

48) બંધારણના અનુચ્છેદ 352 હેઠળ કટોકટી જાહેર કરવામાં આવે ત્યારે નીચેનામાંથી કયા મૂળભૂત અધિકારો સ્થગિત થતા નથી?

(A) અનુચ્છેદ 14, 19 અને 21
(B) અનુચ્છેદ 19, 20 અને 21
(C) અનુચ્છેદ 20 અને 21
(D) અનુચ્છેદ 14, 19, 20 અને 21

49) નિમ્નમાંથી કયા કેસમાં, સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે ગોપનીયતાનો અધિકાર એ બંધારણ દ્વારા સુરક્ષિત મૂળભૂત અધિકારનો ભાગ છે ?

(A) એમ. પી. શર્મા vs સતીશ ચંદ્ર
(B) કે. એસ. પુટ્ટાસ્વામી vs ભારતીય સંઘ
(C) ખરક સિંઘ vs ઉત્તર પ્રદેશ
(D) ઉપર આપેલા તમામ

50) ભારતીય બંધારણનો કયો ભાગ સંઘ અને રાજ્યો હેઠળની સેવાઓ સંબંધિત છે ?

(A) ભાગ XII
(B) ભાગ XIV
(C) ભાગ XIII
(D) ભાગ XV

51) નીચેમાંથી કયા બંધારણીય સુધારા દ્વારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને માન્યતા આપવાની રાજ્ય સરકારની સત્તા પુનઃ સ્થાપિત કરવામાં આવી?

(A) બંધારણ (એકસો બે સુધારા) અધિનિયમ, 2018
(B) બંધારણ (એકસો ચાર સુધારા) અધિનિયમ, 2019
(C) બંધારણ (એકસો ત્રણ સુધારા) અધિનિયમ, 2019
(D) બંધારણ (એકસો પાંચ સુધારા) અધિનિયમ, 2021



Downloaded from websankul.com

52) રાષ્ટ્રપતિ દ્વારા અનુચ્છેદ 356 હેઠળ કરવામાં આવેલ ઉદ્‌ઘોષણા જો તેને રદ કરવામાં ન આવી હોય તો કેટલા સમય પછી અમલમાં રહેશે નહિ?

(A) બે મહિના
(B) છ મહિના
(C) ત્રણ મહિના
(D) નવ મહિના

53) નિમ્નમાંથી ક્યાં જોડકાં સાચાં છે?

I. મૂળભૂત હક્કો-ભાગ III
II. કેન્દ્રશાસિત પ્રદેશો-ભાગ IX
III. પંચાયતો-ભાગ VIII
IV. કટોકટી જોગવાઈઓ-ભાગ XVIII

(A) માત્ર I અને IV
(B) માત્ર I અને III
(C) માત્ર I અને II
(D) માત્ર II અને III

54) ભારતીય બંધારણમાં અવશિષ્ટ (શેષ) સત્તાઓ કોનામાં નિહિત છે?

(A) રાષ્ટ્રપતિ
(B) સુપ્રિમ કોર્ટ ઑફ ઈન્ડિયા
(C) સંસદ
(D) રાજ્ય વિધાન સભા

55) બંધારણના કયા અનુચ્છેદમાં મનુષ્ય વ્યાપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી પર પ્રતિબંધની જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) અનુચ્છેદ 17
(B) અનુચ્છેદ 23
(C) અનુચ્છેદ 18
(D) અનુચ્છેદ 24

56) નિમ્નમાંથી કયું જોડકુ સાચુ નથી?

(A) કલમ 39A- સમાન ન્યાય અને મફત કાનૂની સહાય
(B) કલમ 44- નાગરિકો માટે એક સરખો દિવાની કાયદો
(C) કલમ 40- કામ અંગેની ન્યાયી અને માનવોચિત પરિસ્થિતિ અને પ્રસૂતિ સહાયતા માટેની જોગવાઈ
(D) કલમ 45- છ વર્ષથી નાની ઉંમરના બાળકો માટે શરૂઆતની બાલ્યાવસ્થા દરમિયાન સંભાળ અને શિક્ષણની જોગવાઈ


Downloaded from websankul.com

57) નિમ્નમાંથી કયા જોડકાં સાચાં છે ?

I. અનુચ્છેદ 105 – વિધેયકો દાખલ કરવા અને પસાર કરવા અંગે જોગવાઈઓ

II. અનુચ્છેદ 108 – અમુક સંજોગોમાં બંન્ને ગૃહોની સંયુક્ત બેઠક

III. અનુચ્છેદ 110 – નાણાં વિધેયકોની વ્યાખ્યા

IV. અનુચ્છેદ 111 – વિધેયકોને રાષ્ટ્રપતિ દ્વારા અનુમતિ

(A) I, II, III
(B) I, III, IV
(C) II, III, IV
(D) I, II, IV

58) નિમ્નમાંથી કયા વિધાનો કાર્યેતર કાનૂન સંબંધિત છે ?

(A) કોઈ વ્યક્તિ ઉપર જે કૃત્ય માટે ગૂનાનુ તહોમત મુકાયુ હોય તે કૃત્ય કરતી વખતે અમલમાં હોય તે કાયદાનો તેણે ભંગ કર્યો હોય તે સિવાયના કોઈ ગૂના માટે તેને દોષિત ઠરાવી શકાશે નહિ.

(B) કોઈપણ ગુનાનાં આરોપીને પોતાની વિરૂદ્ધ સાક્ષી બનવાની ફરજ પાડવામાં આવશે નહીં.

(C) એક ગુના માટે એક થી વધુ વખત કોઈ વ્યક્તિ પર કાર્યવાહી કરવામાં આવશે નહીં અને સજા કરવામાં આવશે નહીં.

(D) કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય કોઈપણ વ્યક્તિને તેના જીવન અથવા વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત રાખવામાં આવશે નહીં.

59) પોલીસ અધિકારીઓ દ્વારા Z ની ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી છે. તેની મુક્તિ માટે નિમ્નમાંથી કઈ રિટ Z ના પિતા કોર્ટ ને કરી શકે છે ?

(A) પ્રતિષેદ
(B) ઉત્પ્રેષણ
(C) બંદી પ્રત્યક્ષીકરણ
(D) પરમ આદેશ

60) ભારતીય બંધારણના અનુચ્છેદ 22 માં નિમ્નમાંથી શેની ખાતરી આપવામાં આવેલ નથી ?

(A) ધરપકડ વિશે માહિતી જાણવાનો અધિકાર

(B) એક જ ગુના માટે એક થી અધિક વાર, કાર્યવાહી અને સજા ન કરવાનો અધિકાર

(C) પસંગીના વકીલની સલાહ લેવાનો અધિકાર

(D) ચોવીસ કલાકના સમયમાં સમીપી મેજીસ્ટ્રેટ પાસે હાજર કરવાનો અધિકાર



Downloaded from websankul.com

61) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ના કયા પ્રકરણમાં પોલીસની ગૂના અટકાવવા સંબંધિત જોગવાઈઓ આપવામાં આવેલ છે ?

(A) પ્રકરણ XI
(B) પ્રકરણ XIII
(C) પ્રકરણ XII
(D) પ્રકરણ XIV

62) જામીનપાત્ર ગુનાની વ્યાખ્યા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમમાં આપવામાં આવેલ છે?

(A) કલમ 2(a)
(B) કલમ 2(c)
(C) કલમ 2(b)
(D) કલમ 2(d)

63) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ના નિમ્નમાંથી કઈ કલમમાં પોલીસ અધિકારીની વિનંતીથી તબિબી વ્યવસાયી દ્વારા આરોપીની તપાસ કરવાની જોગવાઈ છે ?

(A) કલમ 51
(B) કલમ 53
(C) કલમ 52
(D) કલમ 54

64) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ના નિમ્નમાંથી કઈ કલમ ભોગ બનનાર વળતર યોજના સંબંધિત છે ?

(A) કલમ 280B
(B) કલમ 357A
(C) કલમ 287D
(D) કલમ 289B

65) નિમ્નમાંથી કયા કેસમાં, ઝડપી વોરંટ કાઢી શકાય?

(A) જ્યાં કોર્ટ પાસે એવું માનવાનું કારણ છે કે જે વ્યક્તિને દસ્તાવેજ અથવા વસ્તુ રજૂ કરવા માટે બોલાવવામાં આવે છે તે પ્રસ્તુત કરશે નહીં.
(B) જ્યાં દસ્તાવેજ અથવા વસ્તુ કોઈ વ્યક્તિના કબ્જામાં હોવાની જાણ નથી.
(C) જ્યાં સામાન્ય નિરીક્ષણ અથવા શોધ જરૂરી છે.
(D) ઉપર આપેલા તમામ

66) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કલમ 482 અંતર્ગત સત્તાઓ કોને આપે છે?

(A) હાઈકોર્ટ
(B) સુપ્રિમ કોર્ટ
(C) સેશન્સ કોર્ટ
(D) ઉપર આપેલા તમામ



Downloaded from websankul.com

67) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની નિમ્નમાંથી કઈ કલમ હેઠળ હાઈકોર્ટ દ્વારા મૃત્યુદંડની શિક્ષાની બહાલી જરૂરી છે ?

(A) કલમ 369
(B) કલમ 366
(C) કલમ 368
(D) કલમ 367

68) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની નિમ્નમાંથી કઈ કલમ પોલીસને વૉરંટ વિના ધરપકડ કરવાની સત્તા આપે છે ?

(A) કલમ 54
(B) કલમ 64
(C) કલમ 41
(D) કલમ 144

69) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની નિમ્નમાંથી કઈ કલમ હેઠળ FIR ફાઈલ કરવામાં આવે છે ?

(A) કલમ 151
(B) કલમ 153
(C) કલમ 152
(D) કલમ 154

70) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 નો કયો પ્રકરણ સોદાબાજીની રજૂઆત સંબંધિત છે ?

(A) પ્રકરણ XX
(B) પ્રકરણ XXIA
(C) પ્રકરણ XXI
(D) પ્રકરણ XXII

71) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમ હેઠળ પબ્લિક પ્રોસીક્યુટરની નિમણુંક કરવામાં આવે છે ?

(A) કલમ 23
(B) કલમ 25
(C) કલમ 24
(D) કલમ 26

72) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ જોગવાઈ ધરપકડની પદ્ધતિ દર્શાવે છે?

(A) કલમ 41
(B) કલમ 48
(C) કલમ 46
(D) કલમ 54



Downloaded from websankul.com

73) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમ હેઠળ વૉરંટની અમલવારી ટાળતી વ્યક્તિને ફરાર જાહેર કરી શકાય છે ?

(A) કલમ 82
(B) કલમ 84
(C) કલમ 83
(D) કલમ 92

74) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, 1973 ની કઈ કલમ ધરપકડ કરેલા વ્યક્તિને 24 કલાકમાં મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાની જોગવાઈ કરે છે ?

(A) કલમ 73
(B) કલમ 75
(C) કલમ 74
(D) કલમ 76

75) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 નુ કયુ પ્રકરણ રાજ્યસેવકે કરેલ અથવા તેમની સાથે સંબંધ ધરાવતા ગૂના સંબંધે છે?

(A) પ્રકરણ IX
(B) પ્રકરણ XIII
(C) પ્રકરણ XI
(D) પ્રકરણ XIV

76) A, એક જમીનદાર, તેના મિલકતની મર્યાદામાં હત્યાની ઘટના જાણવા છતાં, સાપ કરડવાને કારણે મૃત્યુ થયુ છે એવી ખોટી માહિતી જાણી જોઈને જીલ્લાનાં મેજીસ્ટ્રેટને આપે છે. તો A દ્વારા ભારતીય ફોજદારી અધિનિયમની કઈ કલમ હેઠળ ગૂનો કરવામાં આવેલ છે?

(A) કલમ 166
(B) કલમ 170
(C) કલમ 167
(D) કલમ 177

77) ભારતીય દંડ સંહિતા, 1860 નીચેનામાંથી કઈ કલમ જાહેર સેવક દ્વારા કાયદા અન્વયેના નિર્દેશોની અવગણના કરવા સંબંધે છે?

(A) કલમ 166A
(B) કલમ 168
(C) કલમ 166B
(D) કલમ 169

78) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની નિમ્નમાંથી કઈ કલમમાં, ખૂન ન ગણાય તેવા ગૂનાહિત મનુષ્ય વધ માટે સજાની જોગવાઈ કરે છે?

(A) કલમ 302
(B) કલમ 304
(C) કલમ 303
(D) કલમ 304A



Downloaded from websankul.com

79) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની કઈ કલમ હેઠળ અસ્થિર મગજની વ્યક્તિના કૃત્યને સામાન્ય અપવાદોમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે?

(A) કલમ 80
(B) કલમ 85
(C) કલમ 81
(D) કલમ 84

80) ભારતીય દંડ સંહિતા, 1860 ની કલમ 83 હેઠળ કઈ વયજૂથની વ્યક્તિના કૃત્યનો સામાન્ય અપવાદોમાં સમાવેશ કરવામાં આવેલ છે?

(A) સાત વર્ષ થી ઉપર અને દશ વર્ષની અંદર
(B) સાત વર્ષ થી ઉપર અને સોળ વર્ષની અંદર
(C) સાત વર્ષ થી ઉપર અને બાર વર્ષની અંદર
(D) સાત વર્ષ થી ઉપર અને અઢાર વર્ષની અંદર

81) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની નીચેમાંથી કઈ કલમ હેઠળ કોર્ટના આદેશ અનુસાર કેદીઓને ફાંસી આપનાર જલ્લાદને ફોજદારી જવાબદારીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે?

(A) કલમ 76
(B) કલમ 78
(C) કલમ 77
(D) કલમ 79

82) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની કઈ કલમ સામાન્ય ઈરાદાને પાર પાડવા માટે કરેલા કૃત્ય સંબંધિત છે?

(A) કલમ 32
(B) કલમ 34
(C) કલમ 33
(D) કલમ 149

83) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની નીચેમાંથી કઈ કલમમાં ગૂનાની વ્યાખ્યા છે?

(A) કલમ 37
(B) કલમ 39
(C) કલમ 38
(D) કલમ 40

84) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ના નિમ્નમાંથી કઈ કલમ ગૂનાહિત કાવતરા માટે સજા સૂચવે છે ?

(A) કલમ 120
(B) કલમ 120B
(C) કલમ 120A
(D) કલમ 121A



Downloaded from websankul.com

85) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 માં ફોજદારી કાનૂન (સુધારા) અધિનિયમ, 2018 દ્વારા કઈ કલમ દાખલ કરવામાં આવી છે ?

(A) કલમ 376B
(B) કલમ 376D
(C) કલમ 376C
(D) કલમ 376DB

86) જો કોઈપણ _____ ઉંમર થી નાની મહિલા પર બળાત્કાર કરે છે તો તેને ઓછામાં ઓછા 20 વર્ષની સખત કેદની સજા કરવાની જોગવાઈ છે?

(A) સાત વર્ષ
(B) તેર વર્ષ
(C) બાર વર્ષ
(D) સોળ વર્ષ

87) ભારતીય ફોજદારી અધિનિયમ, 1860 ની કઈ કલમમાં ખોટો દસ્તાવેજ બનાવવાના ગૂનાની વ્યાખ્યા આપવામાં આવેલ છે?

(A) કલમ 441
(B) કલમ 493
(C) કલમ 463
(D) કલમ 503

88) ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ની નીચેમાંથી કઈ કલમ કહે છે કે પોલીસ અધિકારી સમક્ષ કરાયેલી કોઈ કબૂલાત, કોર્ટમાં સ્વીકૃત નથી?

(A) કલમ 24
(B) કલમ 26
(C) કલમ 25
(D) કલમ 27

89) ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ની નીચેમાંથી કઈ કલમ મરણોત્તર નિવેદન (Dying Declaration) સંબંધિત છે ?

(A) કલમ 30
(B) કલમ 32
(C) કલમ 31
(D) કલમ 33

90) ભારતીય પુરાવા અધિનિયમ, 1872 નો ડ્રાફ્ટ કોણે તૈયાર કર્યો ?

(A) લોર્ડ મેકાલે
(B) હક્સલે
(C) સર જેમ્સ એફ. સ્ટીફન
(D) સર હેન્રી સમર મેઈન



Downloaded from websankul.com

91) ભારતીય પુરાવા અધિનિયમ, 1872 પ્રમાણે, નીચેનામાંથી ક્યું ગૌણ પુરાવા રૂપે લાયકાત ધરાવતું નથી ?

(A) કોઈપણ દસ્તાવેજની પ્રમાણિત નકલો

(B) અમુક વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજની વિષયવસ્તુનો મૌખિક પુરાવો જે એણે બીજાનાં મુખેથી સાંભળેલ છે.

(C) યાંત્રિક પ્રક્રિયાથી મૂળમાંથી બનાવેલી નકલો

(D) મૂળમાંથી બનાવેલ અને મૂળ સાથે સરખાવેલ નકલ

92) ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ની કઈ કલમ હેઠળ દસ્તાવેજો સંબંધી ગૌણ પુરાવા આપી શકાય તેવા કિસ્સાઓ દર્શાવેલ છે?

(A) કલમ 64 (B) કલમ 66

(C) કલમ 65 (D) કલમ 67

93) ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ની કઈ કલમ હેઠળ કોર્ટ અશિષ્ટ અને નિંદાયુક્ત પ્રશ્નો પૂછવા પર મનાઈ ફરમાવી શકે?

(A) કલમ 153 (B) કલમ 152

(C) કલમ 151 (D) કલમ 154

94) ભારતીય પુરાવા અધિનિયમ, 1872 નુ ક્યુ પ્રકરણ મૌખિક પુરાવા સંબંધિત છે ?

(A) પ્રકરણ III (B) પ્રકરણ V

(C) પ્રકરણ IV (D) પ્રકરણ VI

95) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951, કલમ 25 હેઠળ પોલીસ અધિકારી વિરુદ્ધ કરવામાં આવેલ કોઈપણ આદેશ સામે અપીલ ______ સમયગાળાની અંદર કરવાની રહેશે.

(A) પંદર દિવસ (B) પિસ્તાલીસ દિવસ

(C) ત્રીસ દિવસ (D) સાઈઠ દિવસ

96) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 હેઠળ નિમ્નમાંથી કોણ રાજ્ય સલામતી આયોગના સદસ્ય નથી ?

(A) રાજ્યના મુખ્યમંત્રી

(B) ગૃહ વિભાગના ઈન્ચાર્જ મંત્રી

(C) ડાયરેક્ટર જનરલ અને ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ

(D) ઉપરમાંથી કોઈપણ નહીં



Downloaded from websankul.com

97) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 હેઠળ, પોલીસ મહેકમ બોર્ડ પાસે નીચેનામાંથી કઈ સત્તા કે જવાબદારી નથી?

(A) પોલીસ ઈન્સ્પેક્ટર અને સબ-ઈન્સ્પેક્ટરની બદલી

(B) પોલીસ ઈન્સ્પેક્ટર અને સબ-ઈન્સ્પેક્ટરની ભરતી

(C) કોન્સ્ટેબલ અને લોક રક્ષકના કેડરમાંથી ઉચ્ચ હોદ્દા માટે બઢતી

(D) ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ થી નીચેનાં દરજ્જાના પોલીસ અધિકારીઓની ફરિયાદનું પૃથ્થકરણ કરી રાજ્ય સરકારને ઉપચારત્મક પગલાં સૂચવવાં

98) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 હેઠળ રાજ્ય પોલીસ ફરિયાદ સત્તામંડળમાં નિમ્નમાંથી કોનો સદસ્ય તરીકે સમાવેશ થાય છે?

I. ફરજ પર હોય તેવા હાઈકોર્ટના ન્યાયાધીશ.

II. અગ્ર સચિવથી નીચેનો ન હોય તેવા દરજ્જા પરથી ગુજરાત સરકારમાંથી નિવૃત્ત થયેલ હોય તેવા અધિકારી

III. અધિક પોલીસ મહા નિર્દેશકથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારી

IV. એક નામાંકિત વ્યક્તિ

(A) I, II, III, IV (B) I, III અને IV

(C) I, II અને IV (D) II, III અને IV

99) ગુજરાત પોલીસ અધિનિયમ, 1951 ના નિમ્નમાંથી કયા પ્રકરણમાં ગુનાઓ અને શિક્ષાની જોગવાઈ છે ?

(A) પ્રકરણ V (B) પ્રકરણ VII

(C) પ્રકરણ VI (D) પ્રકરણ VIII

100) ગુજરાત નશાબંધી ધારો, 1949 ના નિમ્નમાંથી કયા પ્રકરણમાં ગુના અને શિક્ષાની જોગવાઈ છે ?

(A) પ્રકરણ છ (B) પ્રકરણ આઠ

(C) પ્રકરણ સાત (D) પ્રકરણ નવ



Downloaded from websankul.com